ક્રમાંક- રાચપ-ચટણ-સ્થા.સ્વ-૧૧૨-૩૨૦૦૯-ક

રાજય ચૂંટણી પંચનું કાર્યાલય,
બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તારીખ:૮-૪-૨૦૦૯

**વિષય : સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચૂંટણીમાં ઉમેદવારોએ કરેલ ખર્ચની ચકાસણી માટે ચૂંટણી ખર્ચ અન્વેષકની નિયુકિત અંગે.**

## પ્રસ્તાવના :-

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩(ક) અને ૨૪૩ (વ-ક)ની જોગવાઈઓ મુજબ રાજય ચૂંટણી પંચની રચના કરવામાં આવેલ છે. બંધારણીય તથા સ્થાનિક સ્વરાજય સંસ્થાઓના કાયદા/નિયમોની જોગવાઈ મુજબ રાજયની સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને તેનું નિયંત્રણ અને સંચાલનની વિગેરે કામગીરી રાજય ચૂંટણી પંચમાં નિહીત થયેલ છે.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો-૧૯૯૪ના નિયમ "૪(ક)માં નિરીક્ષકની નિમણુંક બાબત" :-

રાજય ચૂંટણી પંચ, મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ચૂંટણી અથવા ચૂંટણીઓ કરવા બાબતનું ઘ્યાન રાખવા અને રાજય ચૂંટણી પંચ તેને સોંપે તેવા બીજા કાર્યો બજાવવા એક નિરીક્ષકને નિયુકત અથવા મુકરર કરી કરશે, જે રાજય સરકારના અધિકારી રહેશે.

ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ના નિયમ-૪(ક) નિરીક્ષકની નિમણુંક બાબત :-

રાજય ચૂંટણી પંચ, નગરપાલિકામાંની ચૂંટણી અથવા ચૂંટણીઓ કરવા બાબતનું ઘ્યાન રાખવા અને રાજય ચૂંટણી પંચ તેને સોંપે તેવા બીજા કાર્યો બજાવવા માટે એક નિરીક્ષકની નિયુકત અથવા મુકરર કરી શકશે, જે રાજય સરકારના અધિકારી રહેશે.

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ-૪(કક) નિરીક્ષકની નિમણુંક બાબત :-

ચૂંટણી પંચ, પંચાયતની ચૂંટણીના સંચાલનની દેખરેખ રાખવા અને ચૂંટણી પંચ તેને સોંપેલ બીજા કાર્યો બજાવવા માટે નિરીક્ષકને નિયુકત અથવા મુકરર કરી શકશે. જે રાજય સરકારના અધિકારી હશે.

રાજય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક-રાચપ-ચટણ-ચખમ-સ્થા સ્વ-૬-૧૨૦૦૯-ક તા.૧૬-૧-૨૦૦૯ થી મહાનગરપાલિકા/ નગરપાલિકા/જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયતમાં ચૂંટણી લડતા ઉમેદવારો અંગે વધુમાં વધુ ખર્ચ કરવાની મર્યાદા નકકી કરવામાં આવેલ છે અને તેમાં ચૂંટણી ખર્ચ અંગે વિગતવાર સૂચનાઓ પણ આપવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે મહાનગરપાલિકા/નગરપાલિકા અને પંચાયતોની ચૂંટણીના સંચાલનની દેખરેખ, રાખવા, નિરીક્ષકને નિયુકત કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.આ જોગવાઈઓને આધીન સ્થાનિક સ્વરાજય સંસ્થાઓનો ચૂંટણી કાર્યક્રમ જારી કરવામાં આવે છે, ત્યારે રાજય ચૂંટણી પંચ ઘ્વારા જે તે સંસ્થાઓની ચૂંટણીના સંચાલનની દેખરેખ રાખવા, નિરીક્ષકની નિયુકિતના આદેશો જારી કરવામાં આવે છે.

J-KEN-18309

સ્થાનિક સ્વરાજય સંસ્થાઓના ઉકત નિયમોમાં ચૂંટણી ખર્ચની ચકાસણી માટે "ચૂંટણી ખર્ચ" નિરીક્ષકની ઈલાયદી જોગવાઈ થયેલ નથી. પરંતુ ચૂંટણી માટે નિમાયેલ નિરીક્ષકની ચૂંટણી અંગેની કોઈપણ કાર્યવાહી રાજય ચૂંટણી પંચ સોંપી શકે છે. જેમાં ચૂંટણી ખર્ચના નિરીક્ષણની કામગીરી પણ સમાવેશ થઈ શકે છે. ચૂંટણીઓમાં એક અથવા એકથી વધારે નિરીક્ષકોને નિયુકત કરવા બાબતના નિયમોની જોગવાઈ કરવા માટે રાજય ચૂંટણી પંચે રાજય સરકારનું ધ્યાન દોરેલ છે. જેથી જરૂર જણાય ત્યાં ચૂંટણી ખર્ચ માટે ઈલાયદા નિરીક્ષકો નિમવાની પણ કાર્યવાહી કરી શકાય.

તે દરમ્યાન ચૂંટણી લડતા ઉમેદવારો/ તેમના પક્ષો ધ્વારા થતાં ચૂંટણી ખર્ચ ઉપર સતત ચકાસણી/તપાસણી રાખવા માટે કોઈક વૈકલ્પિક/વધારાની વ્યવસ્થા રાખવાની બાબત ચૂંટણી પંચના વિચારણામાં હતી. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩–ઙ અને ૨૪૩ ઙ–ક ના અનુસંધાને સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીઓ ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને સંચાલનની કામગીરી રાજય ચૂંટણી પંચમાં નિહિત થયેલ છે. આ મળેલ સત્તાઓના અનુસંધાને રાજય ચૂંટણી પંચ સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી લડતા ઉમેદવારોએ કરેલ ખર્ચની ચકાસણી/તપાસણી માટે ચૂંટણી ખર્ચ અન્વેષકોની નિયુકિત કરવા નીચે મુજબનો આદેશ કરે છે.

## –: આદેશ :–

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓમાં ચૂંટણી લડતા ઉમેદવારોએ કરેલ ખર્ચની તપાસણી/ચકાસણી કરવા રાજય ચૂંટણી પંચ, ચૂંટણી ખર્ચ અન્વેષક નિયુકત અથવા મુકરર કરશે. જે રાજય સરકારના અધિકારી રહેશે. તેઓને રાજય ચૂંટણી પંચ સોંપે તે પ્રમાણેની ફરજો બજાવવાની રહેશે.

રાજય ચૂંટણી પંચના આદેશથી...,

( વી.એચ.શાહ )
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

પ્રતિ,
(૧) શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે
(૨) જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓ, સર્વે.
(૩) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે.

**નકલ જયભારત સાથ રવાના:**

- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય,સચિવાલય,ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો (સર્વે ખાતાના વડાઓને તથા સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓને આ અંગેની તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.)
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સર્વે.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ વડાશ્રી, પોલીસ ભવન,ગાંધીનગર
- જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સર્વે.
- પોલીસ અધિક્ષકશ્રી, સર્વે
- જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ સર્વે
- સર્વે રાજકીય પક્ષો તરફ જાણ સારૂ.
- મામલતદારશ્રી, સર્વે. (કલેકટરશ્રી મારફતે)
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, સર્વે. (જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે)
- વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

આ આદેશ તાત્કાલિક અસાધારણ સરકારી રાજયપત્ર ભાગ–૪(સી)માં પ્રસિધ્ધ કરવા અને તેની ૧૦–૧૦ નકલ કલેકટરશ્રીઓને અને ૩૦ નકલ આ કાર્યાલયને મોકલી આપવા વિનંતી છે.

- વહીવટદારશ્રી/મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા સર્વે.
- રાજય ચૂંટણી કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર.
- રાજય ચૂંટણી પંચના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ.

J-KEN-18309